# જોખા ગામે ફાર્મ હાઉસમાં ચાલતા જુગારધામ પર દરોડા

**૪ જુગારી** રૂ.૯.૮૪ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા

પલસાણા: સુરત ગ્રામ્ય એલ.સી.બી. દ્વારા કામરેજ પોલીસ સ્ટેશનની હદમાં આવતા જોખા ગામની સીમમાં એક ફાર્મહાઉસમાં ચાલતા જુગારધામ પર દરોડા પાડી કુલ ૪ શખ્સને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસને ખાનગી બાતમી મળી હતી કે જોખાથી આસ્તા જતા રોડ ઉપર આવેલા દેસાઈ ફાર્મહાઉસમાં આનંદભાઈ માધાભાઈ દેસાઈ (રહે.,હીરાબાગ, સુરત) પોતાની માલિકીના ફાર્મહાઉસમાં બહારથી માણસો બોલાવી પૈસા વડે ગંજીપાનાનો હારજીતનો જુગાર રમાડી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક સ્થળ પર રેડ કરીને જુગાર રમતા ૪ ઈસમને રંગેહાથ ઝડપી લીધા હતા અને જુગારધારા હેઠળનો ગણનાપાત્ર કેસ શોધી કાઢ્યો છે.

પકડાયેલા આરોપીઓમાં ફાર્મહાઉસના માલિક આનંદભાઈ માધાભાઈ દેસાઈ (રહે.,હીરાબાગ, સુરત), દિનેશભાઈ ગોરધનભાઈ કાનાણી (રહે.,મોટા વરાછા, સુરત), અબ્દુલ હાફિસ હુસેન બાંગી (રહે.,તડકેશ્વર, તા.અરેઠ) અને ભરતભાઈ ખોડાભાઈ ચુડાસમા (રહે.,કાપોદ્રા, સુરત) નો સમાવેશ થાય છે. પોલીસે આ દરોડા દરમિયાન જુગારના દાવ પરના રોકડા રૂ.૧૦,૭૦૦, આરોપીઓની અંગજડતીમાંથી મળેલા રોકડા રૂ.૬૨,૯૦૦, રૂ.૭૫,૦૦૦ની કિંમતના ૩ મોબાઈલ ફોન, જુગાર રમવા માટેના ગંજીપાના તથા પાથરેલી ચટાઈ અને ફાર્મહાઉસની બહાર પાર્ક કરેલી રૂ.૮,૦૦,૦૦૦ની કિંમતની ૩ ફોર-વ્હીલ કાર મળી કુલ રૂ.૯,૮૪,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને તમામ મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સારોલીની અવધ ટેક્સટાઈલ માર્કેટના ત્રણ વેપારીઓનું રૂ.73 લાખનું ઉઠમણું

**શેખપુર** અને ઉંભેળના વેપારીઓ સાથે લાખોની ઠગાઈ, ત્રણ સામે ફરિયાદ



કામરેજ: સારોલી અવધ ટેક્સટાઈલ માર્કેટમાં મહાલક્ષ્મી એન્ટરપ્રાઈઝના ત્રણ ભાગીદાર કાપડના શેખપુર, ઉંભેળ સહિત અલગ અલગ આઠ વેપારી પાસેથી રૂ.73 લાખથી વધુનો માલ લઈને છેતરપિંડી કરી મોબાઈલ બંધ કરીને નાસી છૂટ્યા હતા.

મૂળ બોટાદના લાખણકાના વતની અને હાલ કતારગામ ઓમ હેરિટેજમાં ફ્લેટ નં.સી-1004માં બીપીન જસમત માંગુકીયા રહે છે. વર્ષ-2014માં પરેશ અમરસિંહ માંગુકીયા સાથે કામરેજના શેખપુરની સુરભી ઈન્ડસ્ટ્રિઝમાં પ્લોટ નં.9થી 12માં મારુતિ ટેક્સટાઈલ ભાગીદારી પેઢીથી ગ્રે કાપડનુ ઉત્પાદન કરી વેચાણ સુરત ટેક્સટાઈલ માર્કેટમાં દલાલ દ્વારા વેચાણ કરવામાં આવે છે. એક વર્ષ અગાઉ રિંગ રોડ ટેક્સટાઈલ માર્કેટમાં દલાલીનું કામ કરતાં અશ્વિન ઓધવજી અવૈયા (રહે.,બી-1, ફ્લેટ નં.602, રિવર વ્યુ હાઈટ્સ, મોટા વરાછા) સાથે ઓળખાણ થઈ હતી. બાદ તેમના દ્વારા બીજા અલગ અલગ વેપારીઓ સાથે વેપાર ચાલુ કર્યો હતો. એક મહિના અગાઉ અશ્વિન અવૈયાએ સારોલી ખાતે અવધ ટેક્સટાઈલ માર્કેટ-2માં મહાલક્ષ્મી એન્ટરપ્રાઈઝમાં ભાગીદાર નરેશ બચુ કાતરિયા (રહે.,26, વિનાયક રેસિડન્સી, પુણા ગામ) તેમજ મુકેશ વાણીયા, સુરેશે ગ્રે કાપડની ખરીદી કરી ડાઈંગ કરી માર્કેટમાં વેચાણ કરે છે અને નાણાકીય વ્યવહાર પણ સારો છે તેવી વાત કરી હતી. મહાલક્ષ્મી એન્ટરપ્રાઈઝના ભાગીદારો તા.5-7-26થી તા.13-7-26 સુધીમાં 15 વારમાં 45789 મીટીર પીવી વર્ટીકલ કાપડ કિં. રૂ.18,75,060નું વેચાણ કર્યું હતું. એક મહિનો થઈ જતાં રૂપિયા માટે મહાલક્ષ્મી એન્ટરપ્રાઈઝના ભાગીદારોને ફોન કરતાં ફોન બંધ આવતો હતો. બાદ તપાસ કરતાં મહાલક્ષ્મી એન્ટરપ્રાઈઝના ભાગીદારોએ અલગ અલગ કંપનીઓ જેમાં ઉંભેળની ડી.મોર ટેક્સોફેબના માલિક ધવલ ગઢિયા પાસે રૂ.4,44,126, હરિઓમ ફેબ ફેબ્રિક્સના માલિક પરેશ ધેવરીયા પાસેથી રૂ.13,31,859, રઘુવીર એરટટેક્સના પાસે રૂ.7,94,270, સ્વસ્તિક ટેક્સટાઈલ પાસે રૂ.5,22,677, અષ્ટલક્ષ્મી ટેક્સટાઈલ પાસે રૂ.4,70,669, લક્ષ્મીબા ટેક્સટાઈલ પાસે રૂ.10,74,068, શુભમ ટેક્સટાઈલ પાસે રૂ.8,08,497 મળી કુલ રૂ.73,21,226નો કાપડનો માલ ખરીદી કરી નાસી છૂટ્યા હતા. જે અંગે કામરેજ પોલીસ મથકમાં ત્રણેય ભાગીદાર સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### કંટવા ગામમાં ધૂમધામ સાથે 80મો સ્વતંત્રતા પર્વ ઉજવાયો





ભરૂચ: કંટવા ગામે 15મી ઓગસ્ટના રોજ દેશભક્તિના પવિત્ર માહોલ વચ્ચે 80મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સ્થાનિક એલ.બી.શાહ વિનય વિદ્યામંદિર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ફેશન ડિઝાઈનિંગ ક્ષેત્રે નામના મેળવી ચૂકેલાં ટીના રાંકાએ રાષ્ટ્રધ્વજ ફરકાવી ગામવાસીઓમાં દેશભક્તિનો નવો ઉત્સાહ જગાવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ અને કલાકારો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે ટ્રસ્ટી ચંદુલાલ શાહ, યુવરાજસિંહ વરાછીયા, જીતેન્દ્રસિંહ જાદવ, અર્જુનસિંહ મોરથાણા, રાજુભાઈ શાહ સહિત ટ્રસ્ટી મંડળના સભ્યો, ગ્રામજનો અને મોટી સંખ્યામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વાલિયાના કરસાડમાં દીપડી પાંજરે પુરાઈ



ભરૂચ: વાલિયાના કરસાડ ગામમાં છેલ્લા ૧૪ દિવસથી ભયનો માહોલ સર્જનાર અંદાજે ૩ વર્ષની દીપડી નવા પુલ પાસે મારણ સાથે ગોઠવેલા પાંજરામાં પુરાઈ છે. દીપડીને તાત્કાલિક વન કચેરીએ ખસેડી પશુચિકિત્સક દ્વારા તબીબી તપાસ હાથ ધરાઈ છે. તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેને સલામત જંગલ વિસ્તારમાં મુક્ત કરાશે. દીપડી પકડાતાં કરસાડના ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે. જોકે, ઝઘડિયામાંથી અગાઉ છટકેલી દીપડી હજુ ન પકડાતાં સમગ્ર વિસ્તારમાં સતર્કતા વર્તાઈ રહી છે.

### નરથાણ ગામમાં ત્રણ મકાનમાં ચોરી

સાયણ: નરથાણની વૈષ્ણોદેવી વિલા સોસાયટીમાં તસ્કરોએ ત્રણ બંધ મકાનને નિશાન બનાવી ૪૨ નળ સહિત કુલ ૪૮,૨૦૦ રૂપિયાના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા છે. ગત તા.૧૦થી ૧૭ ઓગસ્ટ દરમિયાન બનેલી આ ઘટના અંગે સોસાયટીના ૬૫ વર્ષીય વૃદ્ધ વોચમેન મુસાભાઈ સીંધીએ ઓલપાડ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા ચોરો વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં દારૂ સાથે મહિલા ઝડપાઈ

અંકલેશ્વર: અંકલેશ્વરના નવી નગરીમાં એલસીબી પોલીસે પાનના ગલ્લા પર દરોડો પાડી દારૂની બોટલો અને પાઉચ મળી કુલ ૧૦૩ નંગ (કિં.રૂ.૧૦,૩૦૦)નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે જયાબેન વસાવાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં દારૂ સાથે એક પકડાયો

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર ડિવિઝન પોલીસે કોમ્બિંગ નાઈટ દરમિયાન નવા દિવા વિસ્તારમાંથી રૂ.૧૨,૧૦૦ની કિંમતના વિદેશી દારૂ સાથે અનિલ ઉર્ફે લાલો રવજી વસાવાને ઝડપી પાડ્યો હતો. પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે આરોપી શામજી ફળિયા પાછળ બાવળની ઝાડીમાં દારૂ સંતાડી રહ્યો છે. પોલીસે થેલીમાંથી ૧૮૦ મિલીની ૪૪ બોટલ જપ્ત કરી તપાસ આદરી છે.

### ભરૂચ જિલ્લામાં શીતળા સાતમની ઉજવણી

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વર અને ભરૂચમાં શીતળા સાતમની શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. વિવિધ મંદિરોમાં વહેલી સવારથી જ મહિલાઓની ભીડ જોવા મળી હતી. અંકલેશ્વરના રામકુંડ સહિત વિવિધ મંદિરોમાં મહિલાઓએ શીતળા માતાને દૂધ, જળ અને ફૂલ અર્પણ કરી પૂજન-અર્ચન કર્યું હતું. ભડકોદ્રા ખાતે આવેલા રામજી મંદિર તથા મહાદેવ મંદિરે પણ શીતળા માતાનું પૂજન કરાયું હતું.

### કામરેજની રામકબીર શાળાનું ગૌરવ



કામરેજ: કામરેજની રામકબીર માધ્યમિક શાળાના આચાર્ય શૈલેષકુમાર દેસાઈની દક્ષિણ ઝોનમાંથી ગુજરાત રાજ્યના 'શ્રેષ્ઠ આચાર્ય' તરીકે પસંદગી કરવામાં આવી છે. શાળાનું પરિણામ, વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ અને વિવિધ પ્રવૃત્તિઓના મૂલ્યાંકન બાદ આ ગૌરવપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. જિલ્લા શિક્ષણાધિકારી ડો.ભગીરથસિંહ પરમાર, ભારતીય વિદ્યામંડળના પ્રમુખ અરવિંદભાઈ ભક્ત,માનદ મંત્રી પરેશ ભક્ત,ખજાનચી જીજ્ઞેશ ભક્તે શાળાના આચાર્ય શૈલેષ દેસાઈને શુભેચ્છાઓ પાઠવી હતી.

### ભડકોદ્રા ગામે અનાજ કિટનું વિતરણ

અંકલેશ્વર: અંકલેશ્વરના ભડકોદ્રા ગામે શિવ એકતા ગ્રુપ દ્વારા તહેવારોને ધ્યાનમાં રાખી સેવાકીય કાર્યક્રમનું આયોજન કરાયું હતું. ભડકોદ્રા સ્થિત શિવ મંદિરે યોજાયેલા કાર્યક્રમમાં ગામના આશરે ૨૦૦ જેટલા જરૂરિયાતમંદ પરિવારોને અનાજની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### અંકલેશ્વરમાં શાકભાજી વેચાણ કરનારી મહિલાઓને હેરાનગતિના આક્ષેપ

અંકલેશ્વર: અંકલેશ્વર ત્રણ રસ્તા શાક માર્કેટના વ્યવસ્થાપનમાં નગરપાલિકા તંત્રની નિષ્ફળતા હવે છતી થતી જોવા મળી રહી છે. એક તરફ વર્ષોથી સ્થાનિક ગામોની મહિલાઓ શાકભાજી વેચીને પરિવારનું ગુજરાન ચલાવે છે, ત્યારે બીજી તરફ તેમને યેનકેન પ્રકારે હેરાનગતિ કરવામાં આવતી હોવાના આક્ષેપો ઊઠી રહ્યા છે. સ્થાનિક શાકભાજી વેચાણ કરતી મહિલાઓ સામે ક્યારેક સ્વચ્છતાના નામે તો ક્યારેક અન્ય કારણોસર દંડની કાર્યવાહી કરી નાણાં વસૂલવામાં આવતા હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. વિપક્ષ દ્વારા તો પાલિકાના કેટલાક સત્તાધીશો અને રોજમદાર કર્મચારીઓ સામે હપ્તા વસૂલાત જેવા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. જોકે, આવા આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ થવી બાકી છે.

### કુકરમુંડા તાલુકાના વિદ્યાર્થીઓને બસ સેવાના અભાવે નિઝર જવા હજુય હાલાકી

કુકરમુંડા: કુકરમુંડા તાલુકામાંથી નિઝર તરફ શાળા, કોલેજ અને આઈ.ટી.આઈમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓને એસ.ટી. બસ સેવાના અભાવે છેલ્લા કેટલાક દિવસોથી ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. દેવમોગરાથી સોનગઢ જતી બસ ફુલ હોવાથી રાજપુર સ્ટેશન પર ઊભી જ રાખવામાં આવતી ન હોવાના કારણે વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. બસો સમયસર અને નિયમિત ન મળતા કેટલાક વિદ્યાર્થીઓ સમયસર શાળા, કોલેજ અને આઈ.ટી. આઈ. સુધી પહોંચી શકતા નથી. ગતરોજ પણ કુકરમુંડા તાલુકાના ઈટવાઈથી રાજપુર સુધી વિદ્યાર્થીઓ બસ સેવાના અભાવે અટવાઈ ગયા હતા. વિદ્યાર્થીઓ ઉપરાંત રોજિંદા કામકાજ માટે અપડાઉન કરતા નોકરિયાતો અને અન્ય મુસાફરોને પણ ભારે મુશ્કેલી પડી રહી છે.

# ભરૂચમાં ડ્રગ વિભાગના બે અધિકારી રૂ.40 હજારની લાંચ લેતા ઝડપાયાં

**આસિસ્ટન્ટ** કમિશનર સહિત આરોપીઓ સામે ગુનાહિત ગેરવર્તણૂકનો ગુનો





ભરૂચ: ગુજરાત ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગમાં ભ્રષ્ટાચારનો બનાવ સામે આવ્યો છે, જ્યાં ACBએ સહાયક કમિશનર સહિત બે અધિકારીને નવા હોલસેલ ડ્રગ લાઈસન્સના બદલામાં 40,000 રૂપિયાની લાંચ લેતા રંગે હાથ પકડ્યા છે. આરોપીઓમાં ભરૂચ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના આસિસ્ટન્ટ કમિશનર પ્રકાશભાઈ પોસનાની (ઉં.વ.54) (વર્ગ-1) અને ડ્રગ ઈન્સ્પેક્ટર તથા સહાયક કમિશનર સુરભીબેન દેસાઈ (ઉં.વ.29) (વર્ગ-2) નો સમાવેશ થાય છે. ACBના જણાવ્યા મુજબ ફરિયાદીએ હોલસેલ લાઈસન્સ માટે અરજી કરી હતી. ત્યારે દેસાઈએ તેને કહ્યું કે, લાઈસન્સ મળી જશે, પરંતુ વરિષ્ઠ અધિકારીને 40,000થી 50,000 રૂપિયા 'આપવા' પડશે. લાંચ આપવાનો ઈનકાર કરતાં ફરિયાદીએ નર્મદા ACB પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. બ્યુરોએ 18 ઓગસ્ટે ભરૂચ ઓફિસમાં આસિસ્ટન્ટ કમિશનરની ચેમ્બરમાં છટકું ગોઠવ્યું હતું. ઓપરેશન દરમિયાન બંને અધિકારીએ ફરિયાદી પાસેથી 40,000 રૂપિયા સ્વીકારતાં ACBએ તાત્કાલિક કાર્યવાહી કરી આખી રકમ જપ્ત કરી હતી. ACBનો આરોપ છે કે, બંને અધિકારીએ જાહેર સેવક તરીકેના પદનો દુરુપયોગ કરી ગુનાહિત ગેરવર્તણૂક કરી હતી. આ કામગીરી ACB વડોદરાના ડેપ્યુટી ડિરેક્ટર બલદેવ દેસાઈના ઈનચાર્જમાં, બી.એમ.પટેલ (ઈનચાર્જ આસિસ્ટન્ટ ડિરેક્ટર) ની દેખરેખ અને ડી.ડી.વસાવા (પોલીસ ઈન્સ્પેક્ટર)ની ટીમે હાથ ધરી હતી. ફરિયાદ અને લાંચની માંગણીના આધારે ACBએ કાયદેસરની કાર્યવાહી તેજ કરી છે. બંને આરોપી હવે આ મામલે વધુ તપાસ અને કાનૂની સામનો કરશે.

# જંગલ જમીન ખેડાણ બાબતે વિપક્ષને આંદોલનમાં જોડાવા સાંસદની અપીલ


**ખોપીમાં** ધરણા મુદ્દે મનસુખ વસાવાનું ખેડૂતોને સમર્થન



ચિકદા, સાગબારા: ખોપી સહિત 12 ગામની જંગલ જમીન ખેડાણના મુદ્દે ચાલી રહેલા અનિશ્ચિત ધરણાનો બુધવારે 12મો દિવસ છે. સતત બે અઠવાડિયા સુધી ઉપવાસ અને આંદોલન કરી રહેલા અસરગ્રસ્ત ખેડૂતોના પ્રશ્નનો હજુ સુધી કોઈ નક્કર ઉકેલ આવ્યો નથી. જોકે, આ દરમિયાન સાંસદ મનસુખ વસાવા ફરીવાર ધરણા સ્થળે પહોંચ્યા હતા અને ખેડૂતોને સમર્થન આપ્યું હતું.

સાંસદ મનસુખ વસાવાએ ખેડૂતોને હૈયાધરપત આપતા કહ્યું કે, હવે જંગલ જમીનનો મુદ્દો વહેલી તકે ઉકેલાઈ જશે. ગુજરાતના મુખ્યમંત્રી હાલ વિદેશ પ્રવાસે છે. તેમના પરત આવ્યા બાદ હું ફરીવાર મુલાકાત કરી આ પ્રશ્નના ઉકેલ અંગે તેમને જાણ કરીશ. ઉમરપાડાના લોકોને પણ સમજાવવામાં આવશે. જેથી સમગ્ર મામલો શાંતિપૂર્ણ રીતે ઉકેલી શકાય. વસાવાએ કોંગ્રેસ નેતાઓ સામે આકરા પ્રહાર કરતા કહ્યું, કોંગ્રેસના નેતાઓ અનંત પટેલ અને તુષાર ચૌધરી સરકારમાં મારું ઉપજતું નથી તેવા આક્ષેપો કરી રહ્યા છે અને મને રાજીનામું આપવાની સલાહ આપે છે. મારો જવાબ સ્પષ્ટ છે કે, અરે ભાઈ, અહીં નેપાળવાળી કરવા જાઓ તે ના ચાલે, જવાબદાર બનો. તેમણે એમ પણ કહ્યું કે, આપણે તો મુખ્યમંત્રી પરત આવે ત્યાં સુધી ધરણા લંબાવવાની સ્થિતિ ઊભી થઈ શકે છે. વધુમાં સાંસદે અનંત પટેલ અને તુષાર ચૌધરીને અપીલ કરી કે તેઓ ધરણા સ્થળે આવી ઉપવાસ પર બેસે અને ઉમરપાડાના લોકોના વિરોધને અટકાવવામાં સહયોગ આપે.

## કીમના અંબાજી મંદિરે શીતળા સાતમની શ્રદ્ધાભેર ઉજવણી



કિરણ ઢોડિયા

કીમ: કીમ ગામે આવેલા પ્રસિદ્ધ અંબાજી મંદિર ખાતે શીતળા સાતમના પવિત્ર પર્વની ભક્તિમય વાતાવરણમાં શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. ભીખાભાઈ મહારાજના સાંનિધ્યમાં પૂજાવિધિ સંપન્ન થઈ હતી, જેમાં ૩૦૦થી વધુ મહિલા શ્રદ્ધાળુઓએ ભાવપૂર્વક ભાગ લીધો હતો. વહેલી સવારથી જ અંબાજી મંદિર પરિસરમાં મા શીતળાની પૂજા-અર્ચના માટે મહિલાઓની ભારે ભીડ જોવા મળી હતી. પરિવારની સુખ-શાંતિ, આરોગ્ય અને સમૃદ્ધિ માટે મહિલાઓએ પરંપરાગત વિધિ મુજબ માતાજીની પૂજા કરી ધન્યતા અનુભવી હતી. શીતળા સાતમ નિમિત્ત્ર મંદિર પરિસર ભક્તિભાવથી ગૂંજી ઊઠ્યું હતું. દિવસ દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ માતાજીના દર્શન કરી આશીર્વાદ મેળવ્યાં હતાં.

# શિક્ષકની દીકરીને પ્રેમજાળમાં ફસાવી નકલી લગ્ન સર્ટિ. બનાવનાર ઝડપાયો

**જંબુસર** પોલીસે છેતરપિંડી અને ખોટા દસ્તાવેજના ગુનામાં આરોપીની ધરપકડ કરી



ભરૂચ: ભરૂચના જંબુસરના શિક્ષકની ૨૪ વર્ષીય પુત્રીને પ્રેમજાળમાં ફસાવી વડોદરાથી ભગાવી જઈ નકલી લગ્ન સર્ટિફિકેટ તૈયાર કરનાર યુવક સામે જંબુસર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. પોલીસે આ કેસમાં કરજણ તાલુકાના ક્રિયા ગામના ફેઝલ મજીદ દિવાન (ઉં.વ.૨૫)ની ધરપકડ કરી તેને કોર્ટમાં રજૂ કરતાં કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદીની દીકરી વડોદરાની એક ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતી હતી. ગત તા.૭/૫/૨૦૨૬ના રોજ તેણે ઘરે ફોન કરી જણાવ્યું કે, તેણે 'કોર્ટ મેરેજ' કરી લીધાં છે અને ઘરેથી ૬ તોલા સોનાનો હાર પણ સાથે લઈ ગઈ છે. આ સાંભળી પરિવાર ચિંતિત થઈ ગયો અને તાત્કાલિક શોધખોળ શરૂ કરી હતી. પરિવારે વડોદરા ગોત્રી પોલીસ સ્ટેશનમાં ગુમ થવાની ફરિયાદ તથા જંબુસર પોલીસ મથકે અરજી આપી હતી. પોલીસ તપાસ દરમિયાન સામે આવ્યું કે આરોપી ફેઝલે યુવતીને પ્રેમજાળમાં ફસાવી હતી. તેણે તેના મામા દ્વારા જંબુસર પોલીસ સ્ટેશનમાં લગ્નનું મેરેજ સર્ટિફિકેટ રજૂ કર્યું હતું, પરંતુ જ્યારે ફરિયાદીએ વડોદરા ખાતેની લગ્ન નોંધણી/સબ-રજિસ્ટ્રારની કચેરીએ જઈ સર્ટિફિકેટની ખરાઈ કરાવી ત્યારે અધિકારીએ લેખિતમાં સ્પષ્ટતા કરી કે, સરકારી રેકોર્ડ મુજબ ફેઝલ અને યુવતીના નામે કોઈ લગ્ન નોંધણી થઈ નથી અને આ પ્રકારનું સર્ટિફિકેટ તેમની કચેરીએથી ક્યારેય ઈશ્યુ થયું નથી. આ ખુલાસા બાદ જંબુસર પોલીસે ફરિયાદીની આક્ષેપવાળી ફરિયાદના આધારે આરોપી ફેઝલ મજીદ દિવાન સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યું કે, આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવી વધુ પૂછપરછ હાથ ધરવામાં આવશે.

## ભરૂચના વોર્ડ નં-1માં વિવિધ સમસ્યા મુદ્દે રજૂઆત



ભરૂચ: ભરૂચ નગરપાલિકાના વોર્ડ નં-1ની 15થી વધુ સોસાયટીના રહીશોએ પાયાની સુવિધાઓના અભાવે ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે. બિસમાર રસ્તા, નીકળેલા લોખંડના સળિયા, બંધ સ્ટ્રીટ લાઈટ તથા પાણી-ગટરની સમસ્યાથી નગરજનો ત્રસ્ત છે. સ્થાનિકોએ કોર્પોરેટર સામે અસહકારનો આરોપ લગાવી ચીફ ઓફિસરને રજૂઆત કરી હતી. રહીશોએ આગામી ઈદે મિલાદ-ઉન-નબીના પર્વ પૂર્વે જુલૂસના રૂટ પરના ખાડા પૂરવા અને સ્ટ્રીટ લાઈટો તાત્કાલિક ચાલુ કરવા માંગ કરી છે.



# BVC કંપની સામે રોજગારી બાબતે કડોદરામાં વિરોધ

ભરૂચ: વાગરાના કડોદરા ગામ નજીક આવેલી BVC કંપની સામે સ્થાનિકો અને જમીન ગુમાવનાર પરિવારોએ રોજગારીના મુદ્દે ધરણાં-પ્રદર્શન કર્યું છે. ઔદ્યોગિક વિકાસ માટે પોતાની જમીન આપનારા સ્થાનિક યુવાનોને રોજગારીમાં પૂરતી તક ન મળતી હોવાના આક્ષેપ સાથે કંપનીના ગેટ બહાર મોટી સંખ્યામાં સ્થાનિકોએ ઉગ્ર નારાબાજી કરી હતી. પ્રદર્શનકારીઓએ સ્થાનિક યુવાનોને પ્રાથમિકતા સાથે રોજગારી આપવા અને લાંબા સમયથી પડતર પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવવાની માંગ કરી હતી. જો પ્રશ્નોનું સમાધાન ન થાય ત્યાં સુધી આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. BVC કંપનીના અધિકારીએ જણાવ્યું કે આ બાબતે મેનેજમેન્ટ સાથે ચર્ચા કરીને યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

# ભરૂચમાં પારિવારિક ઝઘડા મુદ્દે પતિ સહિત ત્રણ સામે ફરિયાદ

ભરૂચ: ભરૂચના પાલેજની આશિયાનાએ અકોલા ખાતે રહેતા તેના પતિ મોસીન અબ્દુલરઝાક સૂર્યા, જેઠ વસીમ સૂર્યા અને જેઠાણી સદફ વિરુદ્ધ ભરૂચ મહિલા પોલીસ સ્ટેશનમાં ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ વર્ષ-૨૦૧૭થી ૨૦૨૬ દરમિયાન સસરા પક્ષ દ્વારા તેણીને દહેજ બાબતે શારીરિક-માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. જેઠ-જેઠાણીએ દારૂ પીને ઘરનો સામાન તોડી ગાળો આપી હતી અને પતિએ પણ સાથ આપ્યો ન હતો. આખરે પરિણીતાને તેના ચાર નાનાં બાળકો સાથે પહેરેલા કપડે ઘરમાંથી કાઢી મુકાઈ હતી. પિયર પાલેજ આવ્યા બાદ પણ ગત ૧૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ પતિએ ત્યાં આવી ઝઘડો કર્યો હતો. ખર્ચ ન આપી સતત હેરાનગતિ કરાતાં મહિલા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મીંઢોળા નદીમાં તણાયેલા યુવકની લાશ મળી

પલસાણા: મલેકપોરમાં મીંઢોળા નદીમાં ચપ્પલ પકડવા જતા પડેલો ૨૦ વર્ષીય શિવશંકર શ્રીવાસ્તવ નદીના તેજ પ્રવાહમાં તણાઈ ગયો હતો. બનાવની જાણ થતાં બારડોલી અને કડોદરા ફાયર ટીમ દ્વારા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરાયું હતું. બુધવારે ફાયર ટીમે યુવકનો મૃતદેહ બહાર કાઢી પલસાણા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.